Chief Minister Siddaramaiah will be the President of the Greater Bengaluru Authority.

Sources also said that the Cabinet discussed the controversial private sector quota for local Kannadigas at length under the proposed Karnataka State Employment of Local Candidates in the Industries, Factories and Other Establishments Bill, 2024. The bill has been kept in abeyance following backlash.

FM Sitharaman lays out roadmap to pursue 9 priorities for shining India opportunity

New Delhi, July 23 (IANS) Union Finance Minister Nirmala Sitharaman on Tuesday laid out nine priorities of Prime Minister Narendra Modi's government, with a focus on employment, skilling, agriculture and manufacturing.

These are -- agriculture, employment, inclusive development, manufacturing and services, urban development, energy, infrastructure, innovation R&D and next-gen reforms.The Budget provides Rs 2.66 lakh crore for rural development.

"In this budget, we focus on employment, skilling, MSMEs and the middle class. Agriculture research will be transformed to focus on raising productivity and climate resilient varieties," said FM Sitharaman while presenting her seventh Budget.

In a major push to employment generation, the Finance Minister announced three new schemes.She said the PM Garib Kalyan Anna Yojana was extended by five years, benefiting more than 80 crore people in the country.

Centre took revenge for losing 11 seats in Raj via budget: Dotasra

Jaipur, July 23 (IANS) The Rajasthan Congress on Tuesday launched a scathing attack on the Narendra Modi government, saying the Centre has taken revenge for losing 11 Lok Sabha seats in the desert state via the Union Budget 2024-25.State Congress chief Govind Singh Dotasra said the Centre has been kind to two states which are Nitish Kumar's Bihar and Chandrababu Naidu's Andhra Pradesh. At the same time, despite there being a BJP government in Rajasthan, nothing came for the state.Dotasra said there is nothing in the budget for the youth, women and farmers. There was talk of relief to be given in income tax to the employees, but nothing has come. There is no vision in the budget, he added.He said that Rajasthan is completely missing from the budget The interests of Rajasthan have been ignored. The pain of losing 11 seats in Rajasthan is reflected in this budget, he said.He added that this is only a budget to save the government and it shows the government's dependence on Andhra Pradesh and Bihar.

Government of Gujarat

Public Notice

Newspapers must submit their applications for the inclusion on the advertisement panel through the online portal.

Office of the Director of Information, Block No. 19/1, Dr. Jivraj Mehta Bhawan, Gandhinagar – 382010

Directorate of Information
Government of Gujarat

GNEP
GUJARAT NEWSPAPER EMPANELMENT PORTAL

Newspaper owners and editors seeking inclusion on **the advertisement panel of the Information Department** must submit a proposal with the required details through the **web portal:** https://gnep.gujarat.gov.in
The link to the portal and necessary information on the SOP will also be available on the Directorate of Information **website:** https://gujaratinformation.gujarat.gov.in

The application, including the checklist and supporting documents, will undergo a comprehensive review by the relevant District Information Office. Should the proposal be found incomplete or unclear, it will be promptly returned to the respective newspapers. The newspapers must then re-submit a revised proposal within the specified timeframe. The online application period for newspapers will be from Date:24-07-2024 to Date:17-09-2024 The Office of the Director of Information has set specific deadlines for each stage of this process, which must be followed.

Directorate of Information
Office of the Director, Gandhinagar

પુના ખાતેથી ગોધરા આવેલ એનઆઈવી ટીમે ચાંદીપુરાથી મૃત્યુ પામેલ બાળકીના ઘરેથી સેમ્પલિંગ હાથ ધરાયું

(પ્રતિનિધિ) ગોધરા, ચાંદીપુરમ વાયરસને લઈને પુના ખાતે થી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ટીમ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને ડોક્ટરો સહિત આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ સાથે બેઠક યોજાઈ.બાળરોગ વિભાગના વોર્ડની મુલાકાત લીધા બાદ ગોધરા ના કોટડા ગામે પ્રથમ ચાંદીપુરમ વાયરસનો કેસ મળી આવ્યો હતો તે મકાન ખાતે સેમ્પલિંગ કરી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરમ રોગના વધેલા વ્યાપને લઈ રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ નિર્ણયના ભાગરૂપે આજે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના નિષ્ણાંતોની એક ટીમ પંચમહાલ ના પાટનગર ગોધરા ખાતેની પ્રથમ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને તેમા વિશેષ બાળરોગ વિભાગના વોર્ડની મુલાકાત લીધા પછી જીલ્લામાં પ્રથમ કેસ ગોધરા ના કોટડા ખાતે મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનિય છે કે કોટડા ખાતેથી સૌથી વધુ રોગ ફેલાવતી માખી મળી આવી હતી અને હાલ પુના ખાતે થી આવેલ ટીમ પણ પ્રથમ કોટડા ની મુલાકાતે છે. ઘરના બાળકોના સેમ્પલિંગ લઈને તમામ મકાનોની તપાસ હાથ ધરી છે. હાલ રાજ્યભરમાં ચાંદીપુરમ રોગને લઈ ભારે હાહાકાર મચ્યો છે અને અત્યાર સુધી પંચમહાલના વિવિધ તાલુકાઓ માંથી ૧૪ જેટલા કેસો મળી આવ્યા છે અને પાંચ જેટલા બાળકોના મૃત્યુ સરકારી ચોપડે નોંધાયેલા છે અને આ તમામ બાબતોને ધ્યાને લઈ હાલ પુના ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની ટીમ પંચમહાલમાં ગોધરા ના કોટડા ખાતે કાર્યરત રહીને સેમ્પલિંગની કાર્યવાહી હાથ ધરી છે..

ભાઈની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે બહેને ગાબટની આંગણવાડીઓ અને બાલમંદિરમાં વિવિધ ચીજો વહેંચી

(પ્રતિનિધિ) બાયડ, સ્વ. ભાઈ નીલેશભાઈ એસ.સોની ની ૨૨મી પુણ્યતિથિ નિમિતે લાડકી બહેન ફોરમબેન હિતેશકુમાર પાલા (સોની) પરીવાર તરફથી ગાબટ ગામની તમામ આંગણવાડી અને બાલમંદિરમાં બાળકો માટે ઠંડા પાણીના જગ, જ્ઞાન પ્રાપ્તિ માટેના અલગ અલગ માહિતી સભર ચાર્ટ, સ્લેટો, રમકડાં, સ્ટીલની ડીશો, ચમચીઓ સાથે બિસ્કીટ નું વિતરણ કરી પુણ્યતિથિ ને યાદગાર બનાવી ગાબટ ગામની દીકરી ફોરમબેન હિતેશકુમાર સોનીએ ગાબટ ગામ અને અરવલ્લી જીલ્લામાં એક દાખલો બેસાડ્યો છે.. ધન્ય છે આવી ગામની દીકરીને કે ભાઈ ની યાદગીરીમાં નાના બાળકો માટે પુણ્યનું કામ કરેલ છે..

ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવલ તાલીમ ભવનમાં જનસંપર્ક સભાનું આયોજન કરાયું

(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

(પ્રતિનિધિ) ગોધરા, પંચમહાલ પોલીસ વિભાગ દ્વારા પંચમહાલ રેન્જના આઈ.જી.પી. આર વી અસારી માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પોલીસ અધિક્ષક ની અધ્યક્ષતામાં પંચમહાલ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જન સંપર્ક સભાનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગોધરાના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા ગુજરાતમાં નાણા ધીરધાર અધિનિયમ ૨૦૧૧ના અન્વયે વ્યાજખોરોના વિરુદ્ધમાં જનજાગૃતિ લાવવા માટે પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા તાલીમ ભવન ખાતે ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ ૨૦૧૧ મુજબ અને મધ્યમ વર્ગના લોકો વ્યાજખોરોના ચુંગલ માંથી બચવા અને જરૂરિયાતમંદ લોકો લોન મેળામાં વધારેમાં વધારે હાજર રહે અને સરળતાથી લોન મેળવવાની માહિતીઓથી તથા લોન મેળવવા માટે આઠથી વધુ રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેન્ક તરફથી માહિતગાર કરવામાં આવ્યા હતા. તથા સ્થળ પર જ લોન પ્રક્રિયા કરવા માટે બેંક કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા. ગોધરા શહેર જિલ્લાના જરૂરીયાતમંદ નાગરિકોને સરળતાથી લોન મેળવવા અંગેની માહીતી મળી રહે અને સરકારના ધારા ધોરણ મુજબની લોન મળી રહે તે હેતુથી સાયબર ફોર્ડથી બચવા માટે પંચમહાલ જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર આવેલ ગોધરા તાલીમ ભવન ખાતે જનસંપર્ક સભાનું આયોજન કરાયું.

ગોધરાના ભુરાવાવ વિસ્તાર પાસેથી
ગેરકાયદેસર સફેદ પથ્થર ભરેલી ટ્રક ઝડપી પાડી પોલીસે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) ગોધરા, ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલી SBI બેન્ક પાસેથી એક ટ્રક સફેદ પથ્થર ભરીને ગેરકાયદેસર રીતે પસાર થઈ રહી છે. તેવી બાતમી ગોધરા એ-ડિવિઝન પોલીસને મળી હતી. જેથી ગોધરા એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે બાતમી વાળી જગ્યાએ વોચ ગોઠવી હતી અને ત્યાંથી પસાર થઈ રહેલી એક સફેદ પથ્થર ભરેલા ટ્રકના ચાલકની અટકાયત કરી અને જરૂરી ડોક્યુમેન્ટ માગતા તેને રજૂ કર્યા ન હતા. જેથી એ-ડિવિઝન પોલીસે ટ્રક ભરેલા પથ્થરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા એ-ડિવિઝન પી.આઈ અને સર્વેલન્સ સ્ટાફની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલા એસ.બી.આઈ. બેંક પાસે એક ટ્રક જેનો રજી. ન્ય-૦૬-૯૦૨૬નો ચાલક ટ્રકમાં સફેદ કલરના પથ્થર ઓવરલોડ ભરી પસાર થતો હતો. જેને રોકી ગાડીમાં ભરેલા પથ્થરની રોયલ્ટી તથા ગાડીના પરમીટ માંગતા તેની રજૂ કરી ન હતી. જેથી ગેરકાયદેસર સફેદ પથ્થર ભરેલી ટ્રકને ડિટેઈન કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઝઘડિયાના રાજપારડી ગામે રહેતી શિક્ષિકાનું સૌરાષ્ટ્ર ખાતે રહેતા પીયરીયા દ્વારા અપહરણ કરાતા ચકચાર

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

રાજપારડી નજીકના ગામે શિક્ષિકા તરીકે નોકરી કરતી યુવતીએ યુવક સાથે કરેલ પ્રેમલગ્ન તેના પરિવારને પસંદ ન હતું

(પ્રતિનિધિ) ભરૂચ, ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી ખાતે રહેતી અને નજીકના એક ગામે શિક્ષિકા તરીકે નોકરી કરતી યુવતીને સૌરાષ્ટ્ર ખાતે રહેતા તેના પીયરીયા દ્વારા અપહરણ કરીને લઈ જવાતા યુવતીના પતિએ રાજપારડી પોલીસમાં ફરિયાદ લખાવી હતી.

આ અંગે રાજપારડી પોલીસ માંથી મળતી વિગતો મુજબ રાજપારડી નજીકના એક ગામે શિક્ષિકા તરીકે નોકરી કરતી મુળ સૌરાષ્ટ્રની એક યુવતીને રાજપારડી ગામના બિમલશરણ પટેલ નામના યુવક સાથે પ્રેમસંબંધ બંધાતા ગત તા.૨૪ મી માર્ચ ૨૦૨૪ નારોજ બન્નેએ ઝઘડિયા ખાતે લગ્ન કર્યા હતા અને ત્યારબાદ તેઓ બન્ને રાજીખુશીથી રાજપારડી ખાતે રહેતા હતા.દરમ્યાન ગતરોજ તા.૨૨ મીના રોજ શિક્ષિકા તેની સાથે નોકરી કરતી અન્ય શિક્ષિકા સાથે તેમની ગાડીમાં બેસીને નોકરીએ ગઈ હતી.ત્યાર બાદ સવારના સાડા દસ આસપાસના સમયે ભરૂચ ગયેલ બિમલશરણ પર તેની શિક્ષિકા પત્નીનો ફોન આવ્યો હતો અને તે ગભરાયેલી હાલતમાં કહેતી હતી કે મારા પપ્પા,ભાઈ તેમજ બીજા માણસો ગાડી લઈને આવ્યા છે અને મને લઈ જાય છે,મને બચાવો આમ કહેતા તેનો બંધ થઈ ગયો હતો.ત્યાર બાદ શિક્ષિકા જેની ગાડીમાં બેસીને નોકરીએ જવા નીકળી હતી તે શિક્ષિકાને બિમલશરણે ફોન કરતા જાણવા મળેલ કે તે લોકો શાળાએ જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તામાં એક ફોર વ્હિલર ગાડી આવીને અમારી ગાડીની આગળ આવીને આડી ઉભી રહી ગઈ હતી, જેથી અમે લોકો ગભરાઈ હતા. એ ગાડીની નંબર પ્લેટ પર કાદવ લાગેલ હોઈ નંબર જણાયેલ નહિ.ત્યાર બાદ બીજી એક ફોર વ્હિલર ગાડી પણ શિક્ષિકાઓ બેસેલ તે ગાડીની પાછળ આવીને ઉભી રહી ગયેલ,તે ગાડીનો નંબર જોઈ શકાયો ન હતો.ત્યાર બાદ પાછળની ગાડીમાંથી ત્રણ ઈસમો તેમજ આગળની ગાડીમાંથી બે ઈસમો નીચે ઉતર્યા હતા.આ લોકો માંથી સદર શિક્ષિકાના પિતાને સાથી શિક્ષિકાએ ઓળખી લીધા હતા.શિક્ષિકાના પિતાએ સળિયાથી ગાડીના કાચ તોડી નાંખીને તેણીને ગાડીમાંથી બહાર ખેંચી કાઢીને બળજબરીથી તેમની ગાડીમાં બેસાડી દેતા શિક્ષિકાએ બચાવો બચાવો એમ બુમો પાડી હતી.ત્યાર બાદ તે લોકો બન્ને ગાડીઓ લઈને ત્યાંથી જતા રહ્યા હતા.અપહરણ કરવામાં આવેલ શિક્ષિકાના પતિ બિમલશરણ પટેલે રાજપારડી પોલીસમાં લખાવેલ ફરિયાદમાં આ બનાવનું કારણ જણાવ્યા મુજબ તેમણે શિક્ષિકા સાથે એકબીજાની રાજીખુશીથી કરેલ પ્રેમલગ્ન શિક્ષિકાના પીયરીયાઓને પસંદ ન હોવાથી શિક્ષિકાના પિતા બાબાભાઈ અનકભાઈ ગોવાળીયા તથા તેમનો દિકરો જયરાજ બાબાભાઈ ગોવાળીયા તેમજ તેમની સાથે આવેલ માણસીભાઈ નામનો ઈસમ અને બીજા ઈસમો દ્વારા પુર્વઆયોજિત કાવતરું રચીને સદર શિક્ષિકાનું અપહરણ કરી ગયા હતા.રાજપારડી પોલીસે શિક્ષિકાના પતિ બિમલશરણ પટેલની ફરિયાદ મુજબ તેમની શિક્ષિકા પત્નિનું અપહરણ કરવાના ગુના હેઠળ શિક્ષિકાના પિતા બાબાભાઈ અનકભાઈ ગોવાળીયા રહે.ગામ ધ્રુફણીયા જિ.બોટાદ તેમજ ભાઈ જયરાજભાઈ બાબાભાઈ ગોવાળીયા રહે.ગામ થાનગઢ જી.સુરેન્દ્રનગર તથા માણસીભાઈ નામનો ઈસમ અને અન્ય બે ઈસમો વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર તપાસ હાથધરી હતી.

ગુજરાત સ્થિત ટ્રોમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આઈ પી ઓ ગુરુવાર, ૨૫મી જુલાઈ, ૨૦૨૪ના રોજ ખુલશે.

અમદાવાદ, ટ્રોમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની મૂળ રૂપે પાર્ટનરશિપ ફર્મ તરીકે ટ્રોમ સોલરના નામ અને શૈલી હેઠળ ૦૮ ઓગસ્ટ, ૨૦૧૧માં સ્થાપના કરવામાં આવી હતી. અમારી કંપનીને ૧૦ એપ્રિલ ૨૦૧૯ના યોજાયેલી ભાગીદારોની બેઠકમાં પસાર કરાયેલા ઠરાવને અનુસરીને પબ્લિક લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. અમારી કંપનીનું નામ બદલીને "ટ્રોમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" કરવામાં આવ્યું. ટ્રોમ ઈન્ડસ્ટ્રીયલ લિમિટેડ એ સોલર ઈપીસી (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન) કંપની છે જે રહેણાંક સોલાર રૂફટોપ સિસ્ટમ્સ, ઔદ્યોગિક સોલાર પાવર પ્લાન્ટ્સ, ગ્રાઉન્ડ-માઉન્ટેડ સોલર પાવર પ્લાન્ટ્સ અને સોલર સ્ટ્રીટ લાઈટ્સમાં વિશેષતા ધરાવે છે. તેણે હવે ગુરુવાર, ૨૫મી જુલાઈ, ૨૦૨૪ ના રોજ પ્રારંભિક જાહેર ઓફરની જાહેરાત કરી છે. આ ૨,૭૨૭, ૬૦૦ શેરનોનો બુક-બિલ્ટ ઈસ્યૂ છે.

નોટિસ

એલીકોન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ
આણંદ સોજીત્રા રોડ, જિલ્લો.આણંદ, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત, ૩૮૮૧૨૦

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની નીચે દર્શાવેલ સિક્યોરિટીઝ માટેના પ્રમાણપત્રો ખોવાઈ ગયા છે/ગુમ થઈ ગયા છે અને આ સિક્યોરિટીના ધારકો/અરજદારોએ ડુપ્લિકેટ પ્રમાણપત્રો આપવા માટે કંપનીને અરજી કરી છે. ઉક્ત સિક્યોરિટીઝના સંદર્ભમાં દાવો કરનાર કોઈપણ વ્યક્તિએ આ તારીખથી ૧૫ દિવસની અંદર કંપની સાથે તેની નોંધાયેલ ઓફિસમાં આવો દાવો નોંધાવવો જોઈએ, અન્યથા કંપની વધુ જાણ કર્યા વિના ડુપ્લિકેટ પ્રમાણપત્રો જારી કરવા માટે આગળ વધશે.

શેરહોલ્ડરનું નામ	ફોલિયો નં	સિક્યુરીટી અને ફેસ વેલ્યુ	સિક્યુરીટી નં	સર્ટીફિકેટ નં	ડિસ્ટીકનેટીવ નંબરો
રામચંદ્ર ગણેશ રાનડે લીલાબાઈ રામચંદ્ર રાનડે વિજય રામચંદ્ર રાનડે	R013044	Equity Rs.02/-	160	7025	1928601 1928760
			320	14104	32513711 32514030

સ્થળ : મુંબઈ
તારીખ : ૨૪.૦૭.૨૦૨૪
અરજદારનું નામ
વિજય રામચંદ્ર રાનડે

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા દ્રક્ષી સ્વ. ઈશાન દવે મેમોરિયલ ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા તા.૧૮-૦૮-૨૦૨૪ના રોજ સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરિયલ છઠ્ઠી ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટનું ઓપન તેમજ જૂનિયર કેટેગરીના (૯ વર્ષ, ૧૧ વર્ષ, ૧૩ વર્ષ, ૧૬ વર્ષથી નીચેના) ખેલાડીઓ માટે ગવર્મેન્ટ કોમ્યુનિટી હોલ, પોલીસ સ્ટેશનની સામે "ઘ" રોડ, સેકટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતભરમાંથી જાણીતા ઈન્ટર નેશનલ ખેલાડીઓ ભાગ લેશે. સ્વિસ લીગ સિસ્ટમથી આ ટુર્નામેન્ટ રમાડવામાં આવશે. વિજેતા ખેલાડીઓને રૂપિયા પચાસ હજારથી વધુના ટ્રોફી, રોકડ પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે, ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ નીચે જણાવેલ ગૂગલ લિંકના ક્યુઆર કોડ પરથી નિયત પ્રવેશફોર્મ ભરીને પ્રવેશ મેળવવાનો રહેશે. હોલની કેપેસીટી અને છેલ્લી તારીખ ૧૫-૦૮-૨૦૨૪ પહેલાં જો નક્કી કરેલી સંખ્યા થઈ જશે ત્યારબાદ એન્ટ્રી લેવાની બંધ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવા વિનંતી વધુ વિગતો માટે https://gjca2010.wordpress.com. or https:tiny.cc/gjca સંપર્ક કરો.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈનની બજેટ પછીની ટિપ્પણી

અમદાવાદ, આ બજેટમાં રોજગારી, કૌશલ્યવર્ધન, નવીનીકરણ તથા સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવાની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ રજૂ થાય છે. શિક્ષણ, રોજગારી અને કૌશલ્યવર્ધન માટે ફાળવવામાં આવેલા રૂ. ૧.૪૮ લાખ કરોડ યુવાનોનું સશક્તિકરણ કરશે. આગામી ૫ વર્ષમાં ૧ કરોડ યુવાનોનું કૌશલ્યવર્ધન કરવાનો ઉદ્દેશ્ય ધરાવતી પીએમ ઈન્ટર્નશિપ પહેલ એ સરકારનું એક સરાહનીય પગલું છે, જે યુવાન ઉદ્યોગસાહસિકોને વ્યવહારુ અનુભવ અને આર્થિક સહાય એમ બંને પૂરાં પાડે છે. તમામ રોકાણકારો માટે એન્જલ ટેક્સને નાબુદ કરવો એ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સુદ્રઢ બનાવવા માટેનું એક સીમાચિહ્નરૂપ પગલું છે. તેનાથી સ્ટાર્ટઅપ્સને ગ્રોથ-સ્ટેજના નાણાં ઝડપથી અને સરળતાથી પ્રાપ્ત થઈ શકશે. આ બજેટમાં કૌશલ્યવર્ધન તથા નવીનીકરણ અને સંશોધનને સ્પષ્ટ પ્રાથમિકતા આપવામાં આવી છે, જે સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલને સુદ્રઢ બનાવવાનો માર્ગ મોકળો કરે છે, ઉદ્યોગો માટે સજ્જ અને કાર્યક્ષમ કાર્યબળનું નિર્માણ કરે છે અને સંશોધન પર વિશેષ ધ્યાન આપે છે.

નામ બદલેલ છે

મેં મારું નામ **શેખ ઈમરાનખાન ઈકબાલખાન** હતું, જે બદલીને **પઠાણ ઈમરાન ઈકબાલ** કરેલ છે.
સરનામું : રોનક બજાર, રાણીપ બસ સ્ટોપ પાછળ, રાણીપ-૩૮૨૪૮૦
1773

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
ટીઆરડી કામો

ઇ-ટેન્ડર આમંત્રણ નોટિસ; નં. : **DRM/TRD/BVP/2024-25/01 Dt. 17/07/2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ટેન્ડર નં.: 05-TRDBVP-2024-25; કામનું નામ:** હાલની લાઇનોના સોમનાથ યાર્ડના વીજળીકરણના સંબંધમાં ટીઆરડી કામો. **ટેન્ડરની રકમ:** ₹ 2,24,49,187.92/-; **ટેન્ડર ફી:** NIL; **EMD રકમ:** ₹ 2,62,200/-; **સરનામું:** DRM (ટ્રેક્શન) BVP, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા – 364003; બિડરોએ ઓનલાઈન લિંક www.ireps.gov.in દ્વારા જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ **20.08.2024 ના 15:00 કલાક સુધી રહેશે.** 58
અમને લાઇક કરો: facebook.com/WesternRly

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
ઈન્ટરલોકિંગ અને સમારકામ

નં. W/118/NIT/E-Tender/2024-25/WA/14 તારીખ : 17/07/2024; ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે : **અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. 79/2024-25; કામનું નામ:** ભાવનગર ડિવિઝન: સિગ્નલિંગ ગિયર્સની આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ કમીશનીંગ ના સંબંધમાં (i) ધસા–રાજુલા : એલસી ગેટ નં. 41 નું ઈન્ટરલોકિંગ. (ii) ધસા–રાજુલા : એલસી ગેટ નં. 56 નું ઇન્ટરલોકિંગ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 9319728.44; **ઈએમડી :** ₹ 186400.00; **અનુ. નં. (2) ઈ-ટેન્ડર નં. 80/2024-25; કામનું નામ:** એલએચએસ નં 44/B (જૂનું એલસી નં. 35) : આઈઆઈટી ગાંધીનગર દ્વારા ભલામણ મુજબ પાણીના ઝમણ ને અટકાવવા માટે અને સલામત ટ્રાફિક ચળવળ માટે એલએચએસ નું સમારકામ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 862260.28; **ઈએમડી :** ₹ 17300.00; **ઉપરોક્ત બંને ટેન્ડર માટે : બિડીંગ પ્રારંભની તારીખ :** તા. 25/07/2024; **બિડીંગ બંધ થવાની તારીખ :** તા. 08/08/2024; એનઆઈટી રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર તા. 17/07/2024 ના રોજ અપલોડ કરેલ છે. 59
અમને લાઇક કરો: facebook.com/WesternRly

INDO CREDIT CAPITAL LIMITED

Regd.Office : 304 Kaling, B/h. Bata Show Room, Near Mt. Carmel School, Ashram Road, Ahmedabad, Gujarat-380009
Web : www.indocreditcapital.com **CIN :** L65910GJ1993PLC020651
email : indocredit@rediffmail.com **Telefax :** 079-26580366

NOTICE

Notice is hereby given that the **31st Annual General Meeting** (AGM) of Indo Credit Capital Limited will be held on **Friday, August 16, 2024 at 03:30 PM (IST)** at the registered office of the Company, to transact the business specified in the Notice convening the AGM of the company. The dispatch of the AGM Notice to the member have been completed on Tuesday, July 23, 2024 through electronic mode.

The Annual report has been sent electronically to those members, whose email addresses were available with the company or the Depository Participant(s) for other members, who have not registered their email addresses, for those the annual report has been uploaded on company's website i.e. www.indocreditcapital.com and on BSE's Website i.e. https://www.bseindia.com/.

Notice is hereby also given, pursuant to section 91 of the companies Act, 2013 (the Act) read with rule 12 of the companies (Management and Administration) Rules, 2014 and Regulation 42 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015 (SEBI Listing Regulations), that the register of members and Share Transfer Books of the company will remain closed from August 10, 2024 to August 16, 2024 (both days inclusive) for the purpose of the ensuing Annual General Meeting.

In terms of the section 108 of the act read with rule 20 of the companies (Management and Administration) Rules, 2014, as amended and regulation 44 of the SEBI Listing Regulations, the company is providing the facility to its members to exercise their right to vote by electronic means on any or all the businesses specified in the Notice convening the AGM of the company (remote e-voting), through e-voting service provided by Central Depository Services Limited (CDSL). The details pursuant to the act are as under:

a) Members holding shares either in physical form or in dematerialized form, as on the Cut-Off Date, i.e., **Friday August 09, 2024 (eligible members)**, to exercise their right to vote by remote e-voting and voting to be held at AGM on any or all of the businesses specified in the Notice convening the AGM.

b) The remote e-voting will commence on **Tuesday, August 13, 2024 (11:00 A.M.) and ends on Thursday, August 15, 2024 (5:00 P.M)** and the remote e-voting module shall be disabled for voting thereafter and voting through electronic means shall not be allowed thereafter. Once the vote on resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently. Eligible Members may participate in the AGM even after exercising his right to vote through remote e-voting but shall not vote again in the AGM. Only the eligible members shall be entitled to avail the facility of remote e-voting at the AGM;

c) In case a person has become the member of the Company after the dispatch of AGM Notice but on or before the cut-off date i.e., **Friday August 09, 2024**, may write to Ms. Simran Chugh, (Compliance Officer of the Company) at the Registered Office of the Company Situated at 04, Kaling, B/h. Bata show room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad, Gujarat - 380009 at email ID: indocredit@rediffmail.comfor obtaining the credentials for remote e-voting;

If any member wishes to get printed copy of the Annual Report, the Company will send the same, free of cost, upon receipt of request from the member. In case you have any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at **www.evotingindia.com** under help section or write an email to **helpdesk.evoting@cdslindia.com**. The Notice convening the AGM will be available on our website **www.indocreditcapital.com**. Further, these documents are available for inspection at the registered office of the Company during office hours.

For & on behalf of the Board of Director
For INDO CREDIT CAPITAL LIMITED
Sd/-
Ramkaran Saini
Whole-time Director
DIN: 00439446

Date : 24-07-2024
Place: Ahmedabad

INDO CREDIT CAPITAL LIMITED

CIN: L65910GJ1993PLC020651
Regd.Off.:304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad 380009
www.indocreditcapital.com **email:** indocredit@rediffmail.com **Tele Fax:** 079-26580366

Extract of Unaudited Financial Results for the Quarter ended 30th June, 2024

(Rs. In Lacs)

Sr No.	PARTICULARS	Quarter Ended 30/06/2024 (Unaudited)	Year Ended 31/03/2024 (Audited)	Quarter Ended 30/06/2023 (Unaudited)
1.	Total income from operations (net)	0.44	24.87	0.18
2.	Net Profit / (Loss) for the period (before Exceptional item, Extraordinary item & tax)	-6.33	-5.08	-8.11
3.	Net Profit / (Loss) for the period before tax (After Exceptional item, Extraordinary item)	-6.33	-5.08	-8.11
4.	Net Profit / (Loss) for the period after tax (After Exceptional item, Extraordinary item)	-6.33	-5.08	-8.11
5.	Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (After tax) and other Comprehensive income (After tax)	-6.33	-5.08	-8.11
6.	Equity Share Capital	723.08	723.08	723.08
7.	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)	-136.36 (As on 31-03-2024	-136.36 (As on 31-03-2024)	-131.28 (As on 31-03-2023)
8.	Earnings Per Share (Rs.10/- each) (Not annulised) Basic: (Rs Diluted (Rs.)	(0.09) (0.09)	(0.07) (0.07)	(0.11) (0.11)

Note:
1. The aforesaid results of the Company were reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 22nd July, 2024. The statutory auditors of the Company have carried out a Limited Review of the aforesaid results.
2. The above is an extract of the detailed format of Quarterly Financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.bseindia.com and on company's website www.indocreditcapital.com.
3. The Previous year/period figures have been regrouped/rearranged, wherever necessary to make them comparable with the current period figures.

For and On Behalf of the Board of Directors
INDO CREDIT CAPITAL LIMITED
Ramkaran M. Saini
Whole Time Director
(DIN: 00439446)

Date : **22-07-2024**
Place : **Ahmedabad**

આશિમા લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર : L99999GJ1982PLC005253
રજિસ્ટર્ડ ઓફિસ : ટેક્સલન્સ કોમ્પલેક્ષ, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ – ૩૮૦ ૦૨૧.
ફોન નંબર: +91 79 67777000 ફેક્સ નંબર: +91 79 22773061 વેબસાઈટ: www.ashima.in ઈ-મેઈલ આઈડી: investor_redressel@ashima.in

૪૧મી વાર્ષિક સાધારણ સભા અંગેની માહિતી બાબત

આથી નોટિસ આપવામાં આવે છે કે કોર્પોરેટ ઓફિસ મંત્રાલયનાં (એમસીએ) સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે ૨૦૨૦, ૦૨/૨૦૨૧ તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, ૨/૨૦૨૨ તારીખ ૫મી મે, ૨૦૨૨, ૧૦/૨૦૨૨ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ અને ૦૯/૨૦૨૩ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પરિપત્ર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ ૧૩મી મે, ૨૦૨૨ SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ અને SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/૧૬૭ (સામુહ

કેન્દ્ર સરકારનું સર્વગ્રાહી અને સર્વસ્પર્શી બજેટઃ ભૂપેન્દ્ર પટેલ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં બેકબોન સમાન એમએસએમઈ સેક્ટરને બુસ્ટ મળશે

(એજન્સી) ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના ૨૦૨૪-૨૫ના વર્ષના બજેટ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનું રજૂ કરાયેલું આ બજેટ વિકસિત ભારતનો સુરેખ પથ કંડારતું સર્વગ્રાહી અને સર્વસ્પર્શી બજેટ છે. એટલું જ નહિ, આ બજેટ સતત ત્રીજીવાર વડાપ્રધાનના નેતૃત્વમાં જનતા જનાર્દને મૂકેલા વિશ્વાસનું પ્રતિબિંબ રજૂ કરતું બજેટ છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનની 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગી વિકાસ આધારિત વિકાસની જે સંકલ્પના હતી તેને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા આ બજેટમાં ઝળકે છે, સાથે સાથે રોજગાર, કૌશલ્ય, વિકાસ, એમએસએમઈ અને મધ્યમ વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે એનર્જી સિક્યુરિટી, પ્રાકૃતિક ખેતી સહિત કૃષિ ક્ષેત્રના વિકાસને પ્રાયોરિટી આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીની શતાબ્દીએ ૨૦૪૭ સુધીમાં ભારતનો યુવા વિશ્વ સમક્ષ યુથ પાવર બનીને ઉભરી આવે તે માટેની યોજનાઓ પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. યુવા શક્તિના કૌશલ્ય નિખાર માટે ૨ લાખ કરોડ રૂપિયાના પ્રાવધાન સાથે આગામી વર્ષોમાં ૪.૧ કરોડ યુવાઓ માટે પાંચ નવી યોજનાઓ શરૂ થવાની છે. આ યોજનાઓથી દેશની યુવા શક્તિને રોજગાર, સ્વરોજગાર, ઉદ્યમીતા અને ઈનોવેશન ક્ષેત્રમાં નવા સોપાનો સર કરવાની નવી દિશા મળશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત માટે જે ૯ પ્રાયોરિટી તય કરી છે તેને સર્વગ્રાહી વેગ આપતું આ બજેટ છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, આ ક્ષેત્રોમાં કૃષિમાં ઉત્પાદકતા અને સમર્થન, રોજગાર અને કુશળતા, સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજિક ન્યાય, ઉત્પાદન અને સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા, સંશોધન અને વિકાસ તેમજ આવનારી પેઢી માટે સુવિધાઓ જેવી બાબતોને બજેટમાં વણી લેવાનો પ્રયોગ આવકારદાયક છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવાથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આનાથી મોટી મદદ મળશે તેમજ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવાનો વડાપ્રધાનનો સંકલ્પ સાકાર થશે. એટલું જ નહિ, સર્ટિફિકેશન અને બ્રાન્ડ સપોર્ટ સાથે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મદદ કરવાનો વડાપ્રધાનનો ખેડૂત કલ્યાણ લક્ષી અભિગમ પણ આ બજેટમાં પ્રતિબંબિત થયો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સહકાર સે સમૃદ્ધિના મંત્રને દેશભરમાં સરળતાથી પાર પાડવા નેશનલ કો-ઓપરેશન પોલિસી લાગુ કરવાના નિર્ણયથી રૂરલ ઈકોનોમીને ફાસ્ટ ટ્રેક પર લાવવા મદદ મળશે. તેમણે રોજગાર અને તાલીમ માટે ઈ.પી.એફ.ઓ. સાથે એમ્પ્લોયમેન્ટ લિન્ક્ડ ઈન્સેન્ટિવની ૩ યોજનાઓ શરૂ કરવાની વાતને આવકારતા કહ્યું કે, જ્વેલ ક્રિએશન ઈન મેન્યુફેક્ચરિંગ સેક્ટર સ્કીમ અંતર્ગત મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં નવા રોજગારને પ્રોત્સાહન અપાશે. એમ્પ્લોયી અને એમ્પ્લોયર બન્નેને લાભ મળશે. તેમજ ગુજરાતમાં યુવાઓ અને યુવા ઉદ્યોગ સાહસિકો માટે રોજગારીની તકો વ્યાપક બનશે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ઔદ્યોગિક એકમો સાથે ભાગીદારીમાં વર્કિંગ વુમન હોસ્ટેલ્સની સ્થાપનાથી મહિલા સશક્તિકરણ, વુમન-રિલેટેડ સ્કીલિંગ પ્રોગ્રામ્સ અને પ્રમોશન ઓફ માર્કેટ એક્સેસ માટે વિશેષ કાર્યક્રમો આયોજિત થવાની સંભાવનાઓ ગુજરાતમાં વુમન વર્કફોર્સને વધુ અસરકારક બનાવશે.

મુખ્યમંત્રીએ કોશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાના અભિગમને આવકારતા કહ્યું હતું કે, સ્કીલિંગ પ્રોગ્રામ અંતર્ગત રાજ્ય સરકાર અને ઈન્ડસ્ટ્રી સાથે ભાગીદારીમાં કેન્દ્ર સરકાર આગામી ૫ વર્ષમાં ૨૦ લાખ જેટલા યુવાનોને તાલીમ આપવાનો વ્યાપક સ્કીલિંગ પ્રોગ્રામ હાથ ધરાશે.

સુરત શહેરમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ

(એજન્સી) સુરત,

સુરતમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે. શહેરમાં ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે. વરસાદને કારણે શહેરીજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. સુરત શહેરમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ જોવા મળી છે. આ વચ્ચે આવતીકાલે સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીએ પરિપત્ર જાહેર કરી સ્કૂલમાં રજાની જાહેરાત કરી છે.

સુરતમાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે પાણી ભરાયા છે. બીજીતરફ સતત પડી રહેલા વરસાદને કારણે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ વચ્ચે સુરતમાં આવતીકાલે સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. મહત્વનું છે કે સુરતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી હોવાને કારણે જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલોમાં રજાનો પરિપત્ર જાહેર કર્યો છે.

સ્કૂલોમાં આજે રજા જાહેર કરાઈ

સુરતમાં જળબંબાકારની સ્થિત જોવા મળી રહી છે.સુરતના ભટાર વિસ્તારની રસુલાબાદ સોસાયટી બેટમાં ફેરવાઈ છે.૫૦થી વધુ મકાનમાં રહેતા ૩૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાયું છે.કાકરા ખાડીના કારણે આ સોસાયટીમાં પાણી ફરી વળ્યા છે.પાણી ભરાઈ રહેતા જનજીવન પ્રભાવિત થયું છે.હજુ ખાડીઓનું જળસ્તર વધવાની શકયતા છે.હાલ અહીંયા કમરસુધીના પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. સુરતના વેસુમાં લાકડા અને નેટનો શેડ ભારે પવન અને વરસાદના લીધે તૂટી પડ્યો છે.વેસુમાં ભગવાન મહાવીર કોલેજ પાસેની આ ઘટના છે કે જ્યાં નિર્માણ પામતી બિલ્ડીંગ પર લગાવવામાં આવેલો શેડ ધડામ લઈને તૂટી પડ્યો.શેડ તૂટવાની ઘટનાના લાઈવ દ્રશ્યો સામે આવ્યા છે.કોઈ હાજર ન હોવાથી આ ઘટનામાં સદનસીબે જાનહાનિ ટળી છે. સુરતના પુણા કુંભારિયા વિસ્તારમાં પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત થયું છે.અહીંયા પાણી ભરાતા ૨૦ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું.પાણી ભરાઈ જતાં લોકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.તો સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી બોય્ઝ હોસ્ટેલમાંથી ૪૦ બાળકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.આદર્શ નિવાસી શાળાના બાળકોને રેસ્ક્યૂ કરીને કોમ્યુનિટી હોલ ખાતે શિફ્ટ કરવામાં આવ્યા છે.હોસ્ટેલની બહાર પાણી ભરાઈ ગયા હતા.

ભુપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું

(એજન્સી) અમદાવાદ,

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દેવ ભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા મુખ્ય સચિવ રાજકુમાર સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ હતું.મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધારે વરસાદ દ્વારકાના કલ્યાણપુરમાં ૧૧ ઈંચ પડ્યો છે. માણાવદરમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે વિસાવદરમાં ૯ ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ પલસાણા અને કેશોદમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તેમજ દ્વારકામાં પોણા ૮ ઈંચ અને કપરાડામાં ૮ ઈંચ વરસાજ વરસ્યો હતો.

આ ઉપરાંત વાપી, માળીયાહાટીના, ચીખલીમાં ૬ ઈંચ વરસાદ પડ્યો હતો. કામરેજ અને ઉપલેટામાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. તેમજ ૩૧ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. જો ટકાવારી અનુસાર વરસાદની વાત કરીએ તો આ સિઝનમાં ૪૪.૨૯ ટકા વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધારે સૌરાષ્ટ્રમાં ૬૬ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા અને ઉત્તર ગુજરાત-મધ્ય ગુજરાતમાં માત્ર ૨૪ ટકા વરસાદ પડ્યો છે.

ઘડેચી ગામે એનડીઆરએફની ટીમે ૯ લોકોનું કર્યું રેસ્ક્યુ

(એજન્સી) દ્વારકા,

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ વરસ્યો છે. અનેક વિસ્તારોમાં વરસાદના પાણી ભરાઈ જવા પામ્યા છે. આ દરમિયાન દ્વારકાના ઘડેચી ગામની સીમમાં પાણી વચ્ચે ફસાયેલા ૯ લોકોને એનડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યૂ કરીને બચાવવામાં આવ્યા હતા. બોટ દ્વારા એનડીઆરએફની ટીમે તમામ ફસાયેલા લોકોને પાણીથી બહાર નિકાળ્યા હતા. દ્વારકાનો વર્તુ-૨ ડેમ પણ પાણીની મોટી આવક થવાને લઈ જળસપાટી હવે ભયજનક સ્થિતિ નજીક પહોંચતા ડેમમાંથી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે.

ચાંદીપુરા વાયરસનો કહેર યથાવત, અત્યાર સુધીમાં ૩૬ બાળકોનાં મોત

(એજન્સી) અમદાવાદ,

રાજ્યમાં ચાંદીપુરા વાઈરસનો હાહાકાર જોવા મળ્યો છે. વાઈરસે અત્યાર સુધીમાં ૩૬ બાળકોનો ભોગ લીધો છે. કેન્દ્રીય આરોગ્યની ટીમ ગુજરાતની મુલાકાત લઈ શકે છે. આ ઉપરાંત તે ચાંદીપુરા વાઈરસનો ભોગ બનેલા વિસ્તારોની મુલાકાત લઈને તેનો સામનો કરવાની સ્થિતિની સમીક્ષા કરી શકે છે. ચાંદીપુરા વાયરસના કેસને કાબૂમાં લેવા માટે આરોગ્ય વિભાગ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ચાંદીપુરા વાઈરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે.. ચાંદીપુરા વાયરસના કારણે રાજ્યમાં વધુ ત્રણ બાળકનાં મોત થઈ ગયાં છે. બનાસકાંઠાના સુઈગામ, રાજકોટના ગોંડલના રાણસીકી તથા સુરતમાં ૧-૧ બાળકનાં મોત થઈ ગયાં છે.

ચાંદીપુરા વાયરસના કારણે માત્ર બનાસકાંઠામાં જ બે દિવસમાં ૩ બાળકોના મોત નિપજ્યા છે.. ડીસા અને પાલનપુરના બાળકનાં મોત બાદ સુઈગામના બાળકનું પણ મોત નીપજ્યું છે.

પાલનપુરમાં બાળકનું મોત નિપજતાં આરોગ્ય વિભાગની ટમ દોડતી થઈ.. મૃતક બાળકીના ઘરે પાલનપુરના ધારાસભ્ય, જિલ્લા આરોગ્ય અધિકારી, નગરપાલિકા પ્રમુખ સહિત આરોગ્યની ટીમ અને નગરપાલિકાની ટીમ પહોંચી અને સમગ્ર વિસ્તારમાં દવાનો છંટકાવ કરી ઘરે ઘરે જઈને સર્વેની કામગીરી હાથ ધરી છે.

આ સિવાય સુરતમાં ચાંદીપુરા શંકાસ્પદ કેસમાં બાળકીનું મોત થઈ ગયું છે. ૧૧ વર્ષય બાળકીમાં લક્ષણ દેખાયાં હતાં.. આ બાળકીની સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર ચાલી રહી હતી. જોકે ૩૬ કલાકની સારવાર બાદ બાળકીનું મોત નીપજ્યું હતું. આ બાળકીમાં ઝાડા, ઊલટી,તાવ, માથાનો દુખાવો, ખેંચ લક્ષણો જોવા મળ્યાં હતાં.

આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે સાબરકાંઠા અને હિંમતનગરની વિવિધ સરકારી હોસ્પિટલોની મુલાકાત લઈને ચાંદીપુરા વાઈરસ સામે લડવાની તૈયારીની સમીક્ષા કરી હતી અને તેના માટેના સૂચનો પણ આપ્યા હતા. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ચાંદીપુરા વાઈરસથી ડરવાથી જરૂર નથી, પણ તકેદારી જરૂર રાખવી જોઈએ. તકેદારીમાં જ સમજદારી છે.

કચ્છમાં મેઘ તાંડવ, નખત્રાણાની બજારમાં નદી વહેતી થઈ

(એજન્સી) ભૂજ,

રાજ્યમાં અનેક જિલ્લામાં અવિરત મેઘ મહેર થઈ રહી છે. અગાઉ પોરબંદર, દ્વારકા અને જામનગરમાં અતિભારે વરસાદ પડતા પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. ત્યારે હવે કચ્છ જિલ્લમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યુ હતું. કચ્છના નખત્રાણા, અબડાસામાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત નખત્રાણા-લખપત-ભુજ રાજ્ય ધોરીમાર્ગ પર વરસાદના પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે.

છેલ્લા કેટલાક દિવસથી વરસાદ સૌરાષ્ટ્ર પર મહેરબાન થયો હતો. પોરબંદર, દ્વારકા અને જામનગર સહિતના વિસ્તારોમાં સ્થળ ત્યાં જળની સ્થિતિ જોવા મળી હતી. ત્યારે હવે કચ્છ જિલ્લાને મેઘરાજાએ તરબોળ કરી નાખ્યું છે. મધરાતથી જ ભારે વરસાદને પગલે અનેક તાલુકાઓ જળબંબાકાર થયા હતા. નખત્રાણા અને અબડાસામાં તો મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા ૪ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસી ગયો હતો. જેના પગલે નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા.

નખત્રાણા-લખપત-ભુજ રાજ્ય ધોરીમાર્ગ પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. જેના પગલે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. કચ્છના માતાના મઢે દર્શન કરતા શ્રદ્ધાળુઓ પણ ધોરી માર્ગ બંધ રહેવાથી અટવાયા હતા. આ ઉપરાંત બારા ગામના નદી પરનો કોઝવે પાણીમાં ગરકાવ થયો છે. જ્યારે રૂકમણી નદી બે કાંઠે વહેતી થઈ છે.

દ્વારકાના ઘડેચી ગામમાં એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા રેસ્ક્યુ-ફસાયેલા નવ લોકોને એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા રેસ્ક્યુ કરી સલામત બહાર કાઢવામાં આવ્યા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં સૌથી વધુ ૧૧ ઇંચ વરસાદ નોંધાયો છે જ્યારે જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં ૧૦ ઇંચ અને વિસાવદર તાલુકામાં ૯ ઇંચ વરસાદ નોંધાયાના અહેવાલો છે. આ ઉપરાંત સુરત જિલ્લાના પલસાણા અને બારડોલી તાલુકામાં ૭-૭ ઇંચ, જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૭ ઇંચ, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૭ ઇંચ વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં ૧૨ દિવસ બાદ ફરી વરસાદી માહોલ જામ્યો

(એજન્સી) અમદાવાદ,

વિરામ બાદ અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો છે. અમદાવાદમાં ૧૨ દિવસથી વરસાદનો વિરામ હતો. ત્યારબાદ ફરી એક વાર વરસાદ આજે વરસતા રાહત સર્જાઈ છે. વરસાદના વિરામને લઈ શહેરમાં ભારે ઉકળાટ અને બફારાનો અહેસાસ થઈ રહ્યો હતો.શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદ વરસ્યો છે.

શહેરમાં ઈસનપુર, પાલડી, મણીનગર, નારોલ અને જમાલપુર સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં વરસાદને લઈ લોકોને રાહત સર્જાઈ છે. લાંબા સમયથી રાહ જોવાતી હતી અને હવે બે સપ્તાહ બાદ વરસાદ વરસતા રાહત સર્જાઈ છે.

રાજ્યમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અમદાવાદ શહેરમાં આજે સવારથી આકાશ વાદળછાયુ રહ્યું હતું તેમજ અનેક ઠેકાણે વરસાદના હડવા ઝાપટા પણ પડયા હતા. અમદાવાદ શહેરના ગ્રામીણ વિસ્તારોમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો.

શહેરમાં રિયુઝ, પ્લાસ્ટિક અને ફાઈબરના બાંકડા મૂકવામાં આવશે

(પ્રતિનિધિ) અમદાવાદ,

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધામાં જરૂરીયાતવાળી જગ્યાઓ પર બાકડાઓ મૂકવામાં આવે છે જેનો ખર્ચ કોર્પોરેટર બજેટમાંથી થાય છે. મ્યુનિ. કોર્પોરેશને ગત વર્ષે દરેક કોર્પોરેટરને રૂા. ૩ લાખ સુધીની મર્યાદામાં બાકડા માટે મંજૂરી આપી હતી. તત્કાલની સ્ટેન્ડીંગ કમિટી દ્વારા ખાસ વુડનફિનિશ બાકડા પસંદ કરવામાં આવ્યા હતા પરંતુ આ બાકડાઓ ટકલાદી નીકળતા જ તેની વિજીલન્સ તપાસ કરવામાં આવી છે તેમજ થોડા સમય અગાઉ ચાઈના મોજેક અને સ્ટીલના બાકડા માટે જાહેરાત કરવામાં આવી હતી. હવે તેમાં ફાઈબર અને રિયુઝ પ્લાસ્ટિકના બાકડા મૂકવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

મ્યુનિ. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીના જણાવ્યા મુજબ કોર્પોરેટરોને તેમના મત વિસ્તારમાં બાકડા મૂકવા માટે હવે ચાર ઓપ્શન મળી રહેશે. જેમાં ચાઈના મોજેક, સ્ટીલ, ફાઈબર તેમજ રિયુઝ પ્લાસ્ટીકના બાકડાનો સમાવેશ થાય છે. સ્ટીલના બાકડા ધાર્મિક સ્થાનો, લાઈબ્રેરી, જિમનેશિયમ જેવા સ્થળોએ મૂકવામાં આવશે. ફાઈબર અને રિયુઝ બાકડા વજનમાં હલકા હોવાથી તેને સહેલાઈથી ગમે તે સ્થળે મૂકી શકાશે. આ ઉપરાંત પ્લાસ્ટિક રિયુઝ થવાથી પર્યાવરણને પણ ફાયદો થશે. ફાઈબર અને રીયુઝ પ્લાસ્ટિકના બાકડાની કિંમત રૂા.૬ હજાર આસપાસ રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

મ્યુનિ. રિકવિઝેશન કમિટી ચેરમેન જયેશ ત્રિવેદીના જણાવ્યા મુજબ અગાઉ પણ બગીચા વિભાગ દ્વારા રિયુઝ પ્લાસ્ટિના બાકડા બનાવવામાં આવ્યા હતા. તેના સારા પરિણામ મળ્યા છે. જેના કારણે આ બાકડાઓને કાઉન્સિલર બજેટમાંથી મૂકવા માટે સ્ટેન્ડીંગ ચેરમેને મંજૂરી આપી છે.

હાઇકોર્ટ આરટીઓ અને ટ્રાફિક પોલીસની સામે લાલઘૂમ થઈ

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટ આરટીઓ અને ટ્રાફિક પોલીસની સામે લાલઘૂમ થઈ ગઈ છે. ગુજરાત હાઈકોર્ટે આરટીઓ અને ટ્રાફિક પોલીસને સીધું પૂછી લીધું હતું કે રસ્તા પર આટલા લોકોના મોત થયા ત્યારે તમે શું કરતા હતા, ઉંઘતા હતા.

સરકારના પ્રતિબંધ છતાં દિવસના સમયે ડમ્પરો અને ટ્રાવેલ્સની બસો શહેરમાં કેમ ફરતી દેખાય છે. આ રીતે ઉઘાડેછોગ કાયદાનો ભંગ કેવી રીતે દેખાવી શકાય. આ ગેરકાયદે ફરતી બસ અને ડમ્પરની નીચે કેટલાય માણસો ચગદાઈને મરે છે.

આ ડમ્પરો અને ટ્રાવેલ્સ બસ દિવસે કેવી રીતે ફરે છે? આ સ્પેશિયલ પરમિશન વળી શું હોય? આવું કશું હોય જ નહી. ટ્રાફિક હેન્ડલ થઈ ના શકતો હોય તો સ્પેશિયલ પરમિશન કેમ આપવામાં આવે છે? ટ્રાફિક પોલીસને ચાર રસ્તે ટ્રાફિકજામ અટકાવમાં રસ નથી પૈસા વસૂલવામાં રસ છે. સરકારી વકીલે જણાવ્યું હતું કે, પોલીસ સતત પબ્લિક અવેરનેસ પ્રોગ્રામ કરતી રહે છે. કોર્ટે કહ્યું હતું કે, ૫૦૦ રિક્ષામાંથી ૦૫ રિક્ષા પકડવાથી કાર્યવાહી કરી કહેવાય નહીં. માણસોની ઘટ હોય તો ભરતી કરો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરો. કોર્ટે જણાવ્યું હતું કે, કોઈક દિવસ ઈસ્કોન સર્કલ ઉપર જઈને જુઓ ટ્રાફિકના નિયમોનું પાલન થતું નથી! રિક્ષાવાળા પેસેન્જરને આગળ બેસાડે છે. કેપેસિટી કરતાં વધારે પેસેન્જર ભરીને ગાડીઓ ત્યાંથી ઊપડે છે અને બાજુમાં ઊભો રહેલો કોન્સ્ટેબલ જોઈ રહે છે! શું ટ્રાફિક પોલીસ ખાનગી વાહનોને દંડવા માટે જ છે! કોમર્શિયલ અને ખાનગી વાહનો માટે અલગ અલગ નિયમો છે? કોઈ ટ્રાન્સપોર્ટ વ્હીકલ દેખાય એટલે ૧૦ પોલીસવાળા તેને ઘેરી પડે છે. તેની પાછળ શું કારણ છે? આનાથી લોકોમાં શું ઈમેજ જાય છે તેની તમને ખબર છે ? માર્ગો ઉપર બેફામ દોડતાં વાહનોને કારણે થતાં માર્ગ અકસ્માતો અંગે પણ ગંભીર નોંધ લેવામાં આવી હોવાનું જાણવામાં આવે છે.

માણસોની ઘટ હોય તો ભરતી કરો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરો

ગુજરાત ન્યુઝ અપડેટ્સ

સુરત એરપોર્ટ પરથી જંગી પ્રમાણમાં સોનું ઝડપાયું

(એજન્સી) સુરત,

સુરત એરપોર્ટ પરથી સોનાની વધુ એક સ્મગલિંગ ઝડપાઈ આવી છે, આ સ્મગલિંગ દુબઈથી સુરત આવતી સુરત-શારજાહની ફ્લાઈટમાં થઈ હતી, બેલ્ટના બક્કલમાં ૧૫૦ ગ્રામ એટલે યુવકના બેલ્ટમાંથી રૂ ૧૧ લાખનું સોનું કસ્ટમ વિભાગે ઝડપી પાડ્યું હતું સુરતમાં ગેરકાયદે ગોલ્ડ સ્મગલીંગના કિસ્સા ઉત્તરોત્તર વધી રહ્યા છે. ત્યારે કસ્ટમ વિભાગે ફરી ગોલ્ડ સ્મગલિંગ ઝડપી પાડ્યું છે. રવિવારે દુબઈ ફ્લાઈટ આવતા કસ્ટમ અધિકારીઓ રાબેતા મુજબ ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે ૩૦ વર્ષીય યુવાન શંકાસ્પદ જણાય આવ્યો હતો, જેથી તેને સાઈડમાં બોલાવી અધિકારીએ તેનો પટ્ટો ઉતરાવીને બક્કલનું ચેકિંગ કરતા તે દોઢસો ગ્રામ એટલે કે ૧૧ લાખનું હોવાનો ખુલાસો થયો હતો.

પાલતુ અને રખડતા કૂતરાને લઈ પહેલી વખત નિયમ જાહેર કરાયા

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદમાં પાલતુ કૂતરા, રખડતા કૂતરાઓને ખવડાવનારાઓ, પ્રાણીઓની સંભાળ રાખનારાઓ અને અન્ય રહેવાસીઓ વચ્ચે વધતા સંઘર્ષને ઉકેલવા માટે, સહકારી મંડળીના રજિસ્ટ્રાર દ્વારા તાજેતરનો પરિપત્ર – ગુજરાત હાઉસિંગ સોસાયટીઓને સમુદાયના પ્રાણીઓ પ્રત્યેની હિંસાથી દૂર રહેવાનું કહે છે અને પશુ સંભાળ રાખનારાઓને હેરાન કરવાનું બંધ કરવા જણાવે છે. આ પહેલ પાળેલાં માતા-પિતા, રખડતા કૂતરાઓને ખવડાવનારાઓ અને અસંખ્ય પડકારોનો સામનો કરનારા પ્રાણીપ્રેમીઓને મોટી રાહત આપે તેવી અપેક્ષા છે. એકલા અમદાવાદમાં રહેણાંક વસાહતોમાં મોટા સંઘર્ષો અને ઝઘડાઓ જોવા મળ્યા છે, જેમ કે પાલતુ માલિકોને ભાડા પર ઘર ન આપવા, ગેટેડ સોસાયટીઓમાં પાલતુ પ્રાણીઓને ચાલવા પર પ્રતિબંધ, સામાન્ય સુવિધાઓના ઉપયોગ અંગેના ભેદભાવપૂર્ણ નિયમો અને પડોશમાં રખડતા પ્રાણીઓને ખવડાવવા વગેરે.

અમદાવાદની વધુ એક રેસ્ટોરાનાં જમવામાં જીવાત નીકળી

(એજન્સી) અમદાવાદ,

રાજ્યમાં ખાદ્ય પદાર્થોમાં અખાદ્ય વસ્તુઓ નીકળવાનો સિલસિલો જારી છે. વસ્ત્રાલના સિટી કોર્નરમાં રેસ્ટોરાની દાળફ્રાયમાં જીવાત નીકળી છે. આ અંગે રેસ્ટોરન્ટ મેનેજમેન્ટને પૂછવામાં આવતા તેણે ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે ચોમાસાની સીઝનમાં મચ્છર નીકળી શકે છે. આ બતાવે છે કે મોંઘી રેસ્ટોરાન્ટમાં આરોગ્યનું જોખમ છે. વસ્ત્રાલ રિંગ રોડ પાસે સિટી રેસ્ટોરન્ટ આવેલી છે. આ રેસ્ટોરન્ટ સ્વચ્છતામાં બેદરકારી રાખતી હોવાનું સામે આવ્યું છે. આ પ્રકારના આહારના લીધે લોકોના આરોગ્ય પર વિપરીત અસર પહોંચે છે.

જામનગરના જળાશયોમાં નવા પાણીની આવક, નીચાણવાળા વિસ્તારો એલર્ટ કરાય

(એજન્સી) જામનગર,

જામનગરમાં પણ આવી જ રીતે ડેમ અને જળાશયો અને ચેકડેમોમાં પણ ભારે પાણીની આવક નોંધાઈ છે. કાલાવાડ વિસ્તારમાં આવેલ ફુલઝર ૧ ડેમમાં પણ ભારે આવક પાણીની થઈ છે. જેને લઈ ડેમ ઓવરફ્લો થયો છે. નીચાણ વાળા વિસ્તારોને કાંઠા વિસ્તારમાં સાવચેતી જાળવવા માટે પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.સૌરાષ્ટ્રમાં સતત ધોધમાર વરસાદને લઈ સ્થાનિક નદીઓમાં પાણીની ભારે આવક થઈ રહી છે. જામનગરમાં પણ આવી જ રીતે ડેમ અને જળાશયો અને ચેકડેમોમાં પણ ભારે પાણીની આવક નોંધાઈ છે. કાલાવાડ વિસ્તારમાં આવેલ ફુલઝર ૧ ડેમમાં પણ ભારે આવક પાણીની થઈ છે. જેને લઈ ડેમ ઓવરફ્લો થયો છે.ફુલઝર-૧ ડેમ ઓવરફ્લો થવાને નદીના નીચાણ વાળા વિસ્તારને એલર્ટ કરવામાં આવ્યા છે.

અમદાવાદમાં ઈમરજન્સી કોલ બોક્સ લાગ્યા

બટન દબાવતાં જ પોલીસ મદદે આવશે

અમદાવાદ,

શહેરમાં મહિલાઓની સુરક્ષા મુદ્દે પોલીસ સક્રિય થઈ ગઈ છે. શહેરમાં કેટલાક થાંભલાઓ પર લગાવવામાં આવેલા બોક્સ નજરે પડી રહ્યાં છે. આ બોક્સની સામે ઉભા રહીને લોકો વાતો કરી રહ્યાં છે. આ જોઈને ત્યાંથી પસાર થતાં અનેક લોકોના મનમાં સવાલ થઈ રહ્યો છે કે આ શું છે. હવે અમદાવાદમાં તમારી સાથે કોઈ